# પરીપત્ર

**અગત્યનું/સમયમર્યાદા**

ન.નાનિઅજાક/૧૯-૨૦/૨૬૯૬ થી ૨૭૦૦
નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી
સી-૬, બહુમાળી મકાન, નાનપુરા, સુરત
ફોન: ૦૨૬૧-૨૪૬૪૪૩૦
ઇમેલ- swo-sur@gujarat.gov.in
તા: ૨૯/૦૬/૨૦૧૯

પ્રતિ,

(૧) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
(૩) રજીસ્ટ્રારશ્રી,વી.એન.એસ.જી.યુ.,સુરત
(૪) આચાર્ય શ્રી, આઇ.ટી.આઇ, સુરત
(૫) રજીસ્ટ્રારશ્રી,જી.ટી.યુ.,અમદાવાદ.

વિષય:- અનુ.જાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય તેમજ પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ ચુકવવા બાબત.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર હેઠળના અનુસૂચિત જાતિ કલ્યાણની જુદી જુદી પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાઓનો અમલ વર્ષ ૨૦૧૬-૧૭ સુધી ઓફલાઇન પધ્ધતિથી થતો હતો. વર્ષ:૨૦૧૭-૧૮થી પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય જેવી કે બીસીકે-૨/૭૧, બીસીકે-૧૭, બીસીકે-૧૭એ, બીસીકે-૪, બીસીકે-૩૫, બીસીકે-૧૬, તેમજ પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ જેવી કે બીસીકે-૬.૧, બીસીકે-૫, બીસીકે-૧૦, બીસીકે-૧૧, બીસીકે-૧૨, બીસીકે-૧૩ યોજનાંનો અમલ Digital Gujarat Portal મારફત ઓનલાઇન કરવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૭-૧૮થી ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત શિષ્યવૃત્તિની કામગીરી પ્રથમ વખત શરૂ કરવામાં આવેલ હોય તેમજ સદરહું પોર્ટલ શાળા/કોલેજ/સંસ્થાઓ માટે નવું હોય શિષ્યવૃત્તિની ઓનલાઇન અરજી કરવામાં  કે કામગીરી પૂર્ણ કરવામાં કોઇ શરતચુક થયેલ હોય તેવુ બની શકે કે સંજોગોવસાત અમુક સંસ્થાઓ વિદ્યાર્થીઓના ઓનલાઇન ફોર્મ ભરવાનુ ચુકી ગયેલ હોય કે ઓનલાઇન કામગીરી કરી શકેલ નથી.

Scanned with CamScanner